પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧૪ | ૨૫ જાન્યુઆરી, ૨૦૨૧, સોમવાર; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આવતીકાલે દિલ્હીમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી

**ટ્રેક્ટર રેલીને પોલીસની શરતો સાથે મંજૂરી : ખેડૂતો સિંધુ, ટીકરી અને ગાઝીપુર બોર્ડરથી દિલ્હીની અંદર પહોંચશે : આંદોલન સાથે જોડાયેલા સ્વરાજ ઈન્ડિયાના નેતા યાદવે ખેડૂતોને અપીલ કરી છે કે તે દિલ્હીની અંદર માત્ર ટ્રેક્ટર લાવે, પોતાની ટ્રોલી લઈને ન આવે**



નવી દિલ્હી, તા. ૨૪

ઘણા દિવસ ચાલેલા ઘર્ષણ બાદ આખરે કિસાનોને દિલ્હીમાં ટ્રેક્ટર રેલી કાઢવાની મંજૂરી મળી ગઈ છે. રવિવારે સાંજે દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનરે કહ્યુ, કિસાનોની ઈચ્છાને જોતા કેટલીક શરતોની સાથે ટ્રેક્ટર રેલીને મંજૂરી આપવામાં આવી છે. કિસાન સિંધુ, ટીકરી અને ગાઝીપુર બોર્ડરથી દિલ્હીની અંદર પહોંચશે.

તો કિસાન આંદોલન આંદોલન સાથે જોડાયેલા સ્વરાજ ઈન્ડિયાના નેતા યોગેન્દ્ર યાદવે કિસાનોને અપીલ કરી છે કે તે દિલ્હીની અંદર માત્ર ટ્રેક્ટર લાવે, પોતાની ટ્રોલી લઈને ન આવે.

પરેડને લઈને કિસાન સંગઠનો અને દિલ્હી પોલીસ વચ્ચે શનિવારે વાતચીત થઈ હતી. તે સમયે દિલ્હી પોલીસે સિંધુ બોર્ડરથી ખરખોદા ટોલ પ્લાઝાનો રૂટ પરેડ માટે ઓફર કર્યો હતો. આ રૂટ ૬૩ કિલોમીટરનો હતો.

ટ્રેક્ટર રેલી પર દિલ્હી પોલીસના સ્પેશિયલ કમિશનરે કહ્યુ કે, આજે કિસાનો સાથે સારો સંવાદ રહ્યો. દિલ્હીના ત્રણ સ્થળો પર ટ્રેક્ટર રેલીને મંજૂરી છે. આ ત્રણેય બોર્ડર પર બેરિકેટ હટાવી દેવામાં આવશે. કેટલીક શરતોની સાથે મંજૂરી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## હલવા સેરેમની સાથે બજેટ-૨૦૨૧ની તૈયારીઓ આરંભાઈ

**કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ પ્રથમવાર ડિજિટલ મળશે : પારંપરિક હલવા સેરેમની સાથે પહેલી ફેબ્રુઆરીએ રજૂ થનારા બજેટના ડોક્યુમેન્ટ્સનું સંકલન શરૂ થઈ ગયું છે**

નવી દિલ્હી, તા. ૨૪

બજેટ દસ્તાવેજોના સંકલનની પ્રક્રિયા શનિવારે પારંપરિક હલવા સમારંભના આયોજન સાથે શરૂ થઈ ગઈ. આ સમારંભમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ, નાણા રાજ્યમંત્રી અનુરાગ ઠાકુર અને નાણા મંત્રાલયના સીનિયર અધિકારીઓએ ભાગ લીધો.

કોરોના માહામારીને પગલે આ વખતે દર વખતની જેમ દસ્તાવેજો છાપવામાં નહીં આવે. તેના બદલે આ વખતે સાંસદોને બજેટ દસ્તાવેજ ડિજિટલ સ્વરૂપમાં આપવામાં આવશે. આ પહેલ દર વર્ષે હલવા સમારંભના આયોજનથી બજેટ દસ્તાવેજોનું પ્રકાશન શરૂ થતું હતું. આ વખતે પહેલી વાર એવું બનશે કે બજેટ દસ્તાવેજોનું પ્રકાશન નહીં થાય.



નાણા મંત્રાલયે એક સ્ટેટમેન્ટમં કહ્યું કે, 'એક અભૂતપૂર્વ પહેલ અંતર્ગત કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨ પહેલી વખત ડિજિટલ રીતે લોકોને મળશે. બજેટ એક ફેબ્રુઆરીએ રજૂ થવાનું છે.' આ પ્રસંગે નાણા મંત્રી સીતારમણે યુનિયન બજેટ મોબાઈલ એપ પણ રજૂ કરી, જેથી સંસદ તેમજ સામાન્ય લોકો કોઈ મુશ્કેલી વિના ડિજિટલ રીતે બજેટ દસ્તાવેજ મેળવી શકે. આ મોબાઈલ એપમાં વાર્ષિક નાણાકીય વિવરણ (બજેટ), ગ્રાન્ટની માંગ (ડીજી), નાણા બિલ વગેરે સહિત બંધારણ દ્વારા નિર્ધારિત ૧૪ કેન્દ્રીય બજેટ દસ્તાવેજ ઉપલબ્ધ કરાવાશે. હલવા સમારંભમાં નાણા સચિવ અજય ભૂષણ પાંડે, આર્થિક બાબતોના સચિવ તરુણ બજાજ, નાણાકીય સેવા સચિવ દેબાશીષ પાંડા, દીપમના સચિવ તુહિન કાંત પાંડે, એક્સપેન્ડિચર સચિવ ટીવી સોમનાથન, મુખ્ય આર્થિક સલાહકાર કેવી સુબ્રમણ્યમ અને બજેટની તૈયારી તેમજ સંકલન પ્રક્રિયામાં સામેલ અન્ય સીનિયર અધિકારી પણ ઉપસ્થિત હતા.

## ચીન લદાખમાં ફરી સૈનિકોને વધારી રહ્યું છે

**ચીન વચન તોડીને દગો કરી રહ્યું છે : ચીને પોતાના જ પ્રસ્તાવનું ઉલ્લંઘન કરી દેતા વાસ્તવિક નિયંત્રણ રેખા પર પોતાના સૈનિકોની તૈનાતી વધારી દીધી**

બેઈજિંગ, તા. ૨૪

લગભગ ચાર મહિના પહેલા વાસ્તવિક નિયંત્રણ રેખા પર વધુ સૈનિકો તૈનાત ન કરવાના પોતાના પ્રસ્તાવનું ચીન જ ઉલ્લંઘન કરી રહ્યું છે. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ મુજબ, ચીનની સના પૂર્વ લદાખમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે અને ચૂપકિદીથી પોતાના સૈનિકોની સંખ્યા વધારી દીધી છે. ચીને પ્રસ્તાવ મૂક્યો હતો કે બંને દેશો હવે પોતાના સૈનિકો નહીં વધારે.

સપ્ટેમ્બરમાં બંને પક્ષો તરફથી સ્ટેટમેન્ટ જારી કરાયું હતું, જેને સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન બંનેએ એવું કોઈપણ પગલું નહીં ઉઠાવવાનું વચન આપ્યું હતું કે જેનાથી સ્થિતિ વધુ જટિલ બની જાય. સેનાના સૂત્રો મુજબ, ચાર મહિના પછી ચીને તેનું ઉલ્લંઘન કર્યું છે. ઈન્ડિયા ટુડેએ દાવો કર્યો છે કે, ચીન ચૂપચાપ લદાખના દેપસાંગમાં પોતાની સ્થિતિ મજબૂત કરી રહ્યું છે અને દૌલત બેગ ઓલ્ડીની પાસે નવી જગ્યા પર તૈનાતી કરી રહ્યું છે. ચીનની હરકતો જોતા ભારત પહેલેથી જ પોતાની મજબૂતી માટે પગલાં ઉઠાવવા મજબૂર છે. હાલમાં સરહદની બંને તરફ લગભગ ૫૦-૫૦ હજાર સૈનિક તૈનાત છે અને એ પ્રયાસ કરી રહ્યા છે કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં પેટ્રોલનો ભાવ ઐતિહાસિક સપાટીએ: મુંબઈમાં રૂ. ૧૦૦ નજીક

મુંબઈ,તા.૨૪

બે દિવસની તેજી બાદ આજે પેટ્રોલ ડીઝલના ભાવમાં સામાન્ય જનતાને થોડી રાહત મળી છે. દેશની સરકારી કંપનીઓએ પેટ્રોલ ડીઝલના રેટ્સમાં કોઈ વધારો કર્યો નથી. છેલ્લા કેટલાય દિવસોથી દેશમાં કૂદકેને ભૂસકે પેટ્રોલ ડીઝલના ભાવ વધી રહ્યાં છે. ત્યારે રાજસ્થાનમાં પેટ્રોલની કિંમત રૂપિયા ૧૦૦ નજીક પહોંચી છે. રાજસ્થાનના ગંગાનગરમાં શનિવારે પેટ્રોલની કિંમત રૂપિયા ૯૭.૫૦ પ્રતિ લિટર રહી હતી. જે દેશમાં સૌથી વધુ છે. મધ્યપ્રદેશના ભોપાલમાં પેટ્રોલની કિંમત રૂપિયા ૯૩.૫૬ અને મુંબઈમાં ૯૨.૨૮ પ્રતિ લિટર રહી હતી. જ્યારે આજે રવિવારે મુંબઈમાં આજે ભાવમાં કોઈ વધારો ન થતા પેટ્રોલનાં ભાવ ૯૨.૨૮ રૂપિયા પ્રતિ લીટર છે.



કૃષિ કાયદા વિરોધ પદયાત્રા - દેશભરમાં ૩ કૃષિ કાયદાનો વિરોધ ખેડૂતો ખૂબ આક્રમકતાથી અને મક્કમતાથી કરી રહ્યા છે... દિલ્હીની સરહદો પર ધુણી ધખાવીને બેઠેલા ખેડૂતો ૨૬મીએ દિલ્હીમાં ટ્રેક્ટર રેલી કરશે એના સમર્થનમાં મહારાષ્ટ્રના ખેડૂતોએ નાસીક થી મુંબઈની પદયાત્રા યોજી વિરોધમાં પોતાનો સૂર પુરાવ્યો હતો... દેશભરમાં ખેડૂત આંદોલન દિન-પ્રતિદિન વિસ્તરતું જાય છે...

## લાલૂ યાદવ એઈમ્સમાં દાખલ ન્યુમોનિયા અને શ્વાસ લેવામાં તકલીફ

(ન્યુ દિલ્હી,તા.૨૪

ચારા કૌભાંડમાં સજા કાપી રહેલા બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને (૭૨) શનિવારે એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી એઈમ્સમાં દાખલ કરાવવામાં આવ્યા છે. આ પહેલા તે રાંચી રીમ્સમાં દાખલ હતા. આરઆઈએમએસના ડો. કામેશ્વર પ્રસાદના જણાવ્યા પ્રમાણે, 'લાલૂને બે દિવસથી શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. તેમને ન્યુમોનિયા પણ થઈ ગયો. તેમની ઉંમરને ધ્યાનમાં રાખતા સારી સારવાર માટે તેમને દિલ્હી શિફટ કરવા વધુ યોગ્ય લાગ્યું'. મળતી માહિતી પ્રમાણે, લાલૂના ફેફસામાં પાણી ભરાઈ ગયું છે. લાલૂની હેલ્થ કન્ડીશનના આધારે તેમને બહાર શિફટ કરવા અંગે નિર્ણય લેવા માટે ૮ સભ્યોનું મેડિકલ બોર્ડ બનાવાયું હતું.

## ખેડૂતોના સમર્થનમાં અન્ના હજારે ૩૦મીથી આમરણ અનશન શરૂ કરશે

મુંબઈ,તા.૨૪

ખેડૂતોના સમર્થનમાં અને કૃષિ કાયદાના વિરોધમાં સમાજસેવી અન્ના હજારે અનશન કરશે. ૩૦ જાન્યુઆરીએ અન્ના હજારે અનશન કરવાનું એલાન કર્યુ છે. અનશન માટે અન્ના હજારે ન તો ખેડૂતો સાથે સિંધૂ બોર્ડર પર હશે અને ન તો દિલ્લી. મુંબઈ અથવા કોઈપણ મોટા શહેરોને તેણે આ બાબતે પોતાનું ઠેકાણુ બનાવ્યું છે. પરંતુ પોતાના ગામ રાલેગણ સિદ્ધિમાં જ તેઓ અનશન પર બેસશે. મહારાષ્ટ્રના અહમદનગર જીલ્લામાં તેના ગામે રાલેગણ સિદ્ધિ ઘણી બાબતોમાં ખાસ છે. આ જ ગામે અન્ના હજારે આમરણ અનશન પર બેસશે.

અન્ના હજારે દિલ્લીના રામલીલા મેદાનમાં અનશન કરવા ઈચ્છતા હતા પરંતુ તેને માંગેલી અનુમતિના જવાબમાં કંઈ પણ કહેવામાં આવ્યું નથી. અન્ના હજારે જનલોકપાલ આંદોલન વખતે તેના પ્રમુખ ચેહરો હતા. ભ્રષ્ટાચાર વિરુધ્ધ અને સારા પ્રશાસન માટે અનશન કરતા રહ્યા છે. જમલોકપાલ આંદોલને અન્નાને ઘર-ઘરમાં ઓળખ અપાવી હતી.

આ આંદોલન વર્ષ ૨૦૧૧માં કરવામાં આવ્યુ હતું. ખેડૂતો સાથે અન્ના હજારેનુ સમર્થન અને આમરણ અનશન સરકાર માટે નવી મુશીબતો ઉભી કરી શકે છે. ખેડૂતો સાથે વાતચીતમાં સરકાર કોઈ રસ્તો નથી કાઢી શકયા. સરકારે કૃષિ કાયદાને દોઢ વર્ષ સુધી રોકવાનો પ્રસ્તાવ કર્યો હતો. પરંતુ ખેડૂત સંગઠનોએ સરકારના આ પ્રસ્તાવને માનવાથી મનાઈ કરી હતી.

## લેન્ડિંગ માટે બે-બે એર સ્ટ્રિપ ધરાવતું યુપી પહેલું રાજ્ય

**એરફોર્સને પાકિસ્તાન-ચીન સામેના યુદ્ધમાં લાભ થશે : પૂર્વાંચલ એક્સપ્રેસ વેની ૩૦૦ મીટર લાંબી એર સ્ટ્રિપનું કામ પૂર્ણ : લખનૌ-આગરાપરની એર સ્ટ્રિપ પહેલાથી તૈયાર**

નવીદિલ્હી, તા. ૨૪

ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌથી ગાઝીપુર સુધી બનાવવામાં આવતા પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર પણ એર સ્ટ્રીપ બનીને પૂર્ણ થઈ ગઈ છે. ૩૦૦ મીટર લાંબી એર સ્ટ્રિપ સાથે જ યુપી એક્સપ્રેસ વે પર બે એરસ્ટ્રિપ્સ બનાવનાર દેશનું પહેલું રાજ્ય બન્યું છે. અગાઉ, લખનઉ-આગ્રા એક્સપ્રેસ વે પરની એર સ્ટ્રિપ પહેલાથી જ તૈયાર છે.

ઉત્તર પ્રદેશના અધિક મુખ્ય સચિવ અવનીશ અવસ્થીએ કહ્યું કે, 'અમે વાયુસેનાને અપીલ કરીશું કે તેઓ જલ્દી જ એર સ્ટ્રિપ પર પ્લેન ઉતારીને પરીક્ષણ કરે. પૂર્વાંચલ એક્સપ્રેસ વેના સમાપ્ત થવા પર તમે રાજ્યના પૂર્વ છેડેથી પૂર્વાંચલ એક્સપ્રેસ વે, મધ્યમાં આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે, પશ્ચિમમાં યમુના એક્સપ્રેસ વે દ્વારા આખું યુપી એક્સપ્રેસ વે રોડ પરથી પાર કરી શકશો.'

## આગામી ૩ દિવસ દિલ્હી સહિત રાજ્યોમાં વરસાદની આગાહી : ઠંડી વધવાની શક્યતા

નવી દિલ્હી, તા. ૨૪

ઉત્તર ભારતના ઘણા ભાગોમાં કડકડતી ઠંડી પડી રહી છે અને ઉત્તરી રાજસ્થાન તથા દિલ્હી સહિત ઘણા ભાગોમાં શીત લહેર ચાલી રહી છે. ઘણા રાજ્યોમાં ૨૭ જાન્યુઆરી સુધી ગાઢ ધુમ્મસ રહેવાની સંભાવના છે અને આ સાથે જ તાપમાનમાં પણ ઘટાડો આવી શકે છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં શનિવારે (૨૩ જાન્યુઆરી)ના રોજ ન્યૂનતમ તાપમાન ૭.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું છે, તો બીજી તરફ રવિવારે સવારે ૧૦.૨ નોંધવામાં આવ્યું હતું. ભારતીય હવામાન વિભાગના અનુસાર જમ્મૂ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડની પહાડીઓમાં હિમવર્ષા થઈ રહી છે. જેના લીધે ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં કડકડતી ઠંડી પડી રહી છે અને આગામી ૨-૪ દિવસો સુધી તાપમાન ચાર ડિગ્રી સુધી નીચે જઈ શકે છે. કેટલાક રાજ્યોમાં આગામી ૪૮ કલાકમાં વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગએ જાણકારી આપી છે આગામી બે દિવસ દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ સહિત ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. તેના હેઠળ વિભાગે ઓરેંજ એલર્ટ જાહેર કરી દીધા છે. હવામાન વિભાગના રિપોર્ટ અનુસાર શ્રીનગર સહિત કાશ્મીરના દરેક ભાગમાં હિમવર્ષા નોંધવામાં આવી છે. ત્યારબાદ કાશ્મીર દેશના બાકી ભાગોથી વિખૂટી પડી ગયું છે. અને શ્રીનગરમાં જીવનની ગતિ પર બ્રેક લાગી ગઈ છે.

## પીએમ મોદીની એક તસવીરને ૨૦ કલાકમાં ૧૦ લાખથી વધુ લાઈકસ

ન્યુ દિલ્હી,તા.૨૪

સોશિયલ મીડિયા સાઈટ ફેસબુક પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની એક તસવીરે રેકોર્ડ તોડ્યો છે. ૨૦ કલાકથી ઓછા સમયમાં ૧૦ લાખથી વધુ લોકોએ તેને લાઈક કરી છે. જ્યારે પીએમ મોદી કોલકાતા પહોંચ્યા ત્યારે આ ફોટો ફેસબુક પર મૂકવામાં આવ્યો હતો. વડાપ્રધાન ગઈકાલે (શનિવારે) નેતાજી સુભાષચંદ્ર બોઝને શ્રદ્ધાંજલિ પાઠવવા અને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયના અનેક કાર્યક્રમોમાં ભાગ લેવા ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે કોલકાતા પહોંચ્યા હતા. કોલકાતા પહોંચ્યા બાદ આ તસવીર પીએમ મોદીના એકાઉન્ટથી શેર કરવામાં આવી હતી.

તસ્વીરમાં તે વિમાનમાંથી બહાર આવતા નજરે પડે છે. વડા પ્રધાન સાદા કુર્તા-પાયજામા પહેરીને શાલ ઓઢેલા જોવા મળે છે. પોસ્ટમાં લખ્યું છે કે, "હું નેતાજી બોઝને શ્રદ્ધાંજલિ પાઠવા કોલકાતા પહોંચ્યો છું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે કોલકાતાના વિક્ટોરિયા મેમોરિયલ ખાતે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે અનેક બંગાળી ફિલ્મ કલાકારો સાથે ચા પર ચર્ચા કરી.

## હરિદ્વારમાં મહાકુંભને લઈને કેન્દ્રની ગાઈડલાઈન જાહેર : ભક્તોએ રજીસ્ટ્રેશન કરાવવું પડશે

**મહાકુંભમાં આવનાર માટે કોરોના નેગેટિવ મેડિકલ સર્ટિફિકેટ ફરજિયાત**

દેહરાદૂન, તા. ૨૪

કેન્દ્ર સરકારે હરિદ્વારમાં યોજાનારા મહાકુંભને લઈને ગાઈડલાઈન જાહેર કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને નિર્દેશ આપવામાં આવ્યા છે કે મેળામાં એવા હેલ્થ કેર વર્કરને ડ્યૂટી પર તૈનાત કરે, જેને વેક્સિન આપવામાં આવી છે. સાથે કુંભ મેળામાં ડ્યૂટી કરનાર સ્વાસ્થ્ય કર્મચારીઓને વેક્સિન લગાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર તરફથી જારી ગાઈડલાઈન પ્રમાણે મહાકુંભમાં આવનાર બધા ભક્તો અને શ્રદ્ધાળુઓએ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવું પડશે. આ સાથે કોરોના નેગેટિવ મેડિકલ સર્ટિફિકેટ લાવવુ જરૂરી હશે. ગાઈડલાઈનમાં ગર્ભવતી મહિલાઓ, ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકો, ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને ગંભીર બીમારીઓથી ગ્રસ્ત લોકોને મહાકુંભમાં ન આવવાનું કહેવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ધર્મનગરી હરિદ્વારને મહાકુંભ માટે શણગારવામાં આવી રહ્યું છે. દીવાલો પર પેઈન્ટિંગ કરવામાં આવી રહ્યાં છે. નવા રસ્તાઓ બની રહ્યાં છે.

FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.